ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૨૩ ટકા ● સાંજે ૧૧ ટકા

# હવે બોર્ડ-નિગમના કર્મચારીઓ ઉગ્ર આંદોલન કરશે

**સોમનાથ કર્મચારીઓ ૨૨ એપ્રિલના રોજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને આવેદનપત્ર આપશે, તા. ૧લી મે થી સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજાશે**



ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજય બોર્ડ-નિગમ સરકારી સાહસોનું કર્મચારી મહામંડળના નેજા હેઠળ આજે સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે અધિકારી-કર્મચારીઓની સાતમા પગારપંચ અંગે બેઠક યોજાઈ હતી. જેમાં તા.૨૨ એપ્રિલના રોજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહને સોમનાથ ખાતે કર્મચારીઓ રૂબરૂ મળીને આવેદન પત્ર આપશે. તેમ છતા સરકાર દ્વારા કોઈ ઉકેલ નહી લાવવામાં આવે તો તા.૧લી મે થી કર્મચારીઓ સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પર ઉતરશે.આ ધરણા કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી કર્મચારીઓ પોતાના પરિવાર સાથે જોડાશે. ત્યારબાદ તા.૧૩ મે ના રોજ દિલ્હી ખાતે જંતર મંતર પર બેનરો સાથે રાજય સરકારની ભેદભાવભરી નિતીરીતીનો વિરોધ કરવામાં આવશે.

ગુજરાત રાજયમાં ૮૭ બોર્ડ-નિગમની કચેરીઓ આવેલી છે જેમાં ૭૭ જેટલા બોર્ડ નિગમ કાર્યરત છે. જેમાં અંદાજીત ૧ લાખ ૩૬ હજાર કર્મચારી-અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે. ત્યારે સરકાર દ્વારા રાજય સરકારના કર્મચારીઓ સાતમું પગાર પંચ આપી દેવામાં આવ્યું છે. જયારે બોર્ડ-નિગમના કર્મચારીઓને અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત છતા ૭મું પગારપંચ આપવામાં સરકાર ઠાગાઠૈયા કરે છે. સરકારની બેવડી નિતી સામે કર્મચારીઓ રોષે ભરાયા છે. ત્યારે આજે સે-૧૨ ખાતે મળેલ બેઠકમાં આગામી સમયમાં ઉગ્ર આંદોલનની રણનિતી ઘડાઈ ગઈ છે. આ બેઠકમાં મેઘરજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા તેમજ સંસદીય સચિવ રણછોડભાઈ રબારી હાજર રહ્યા હતા. આ પ્રસંગે બોર્ડ નિગમ કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયાએ જણાવ્યું હતું કે સરકાર સમક્ષ અનેકવાર રજુઆત છતા અમારી માંગણીઓનો ઉકેલ આવ્યો નથી. જેથી આગામી સમયમાં કર્મચારીઓ દ્વારા ઉગ્ર આંદોલન કરીને વિરોધ નોંધાવવામાં આવશે.

## આજે શહેરમાં મહાત્મા જયોતિબા ફુલેની જન્મજયંતિ ઉજવાશે

ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે તા. ૧૧મી એપ્રિલના રોજ સાંજે ૬ કલાકે મૂળ નિવાસી સંઘ દ્વારા મહાત્મા જયોતિબા ફૂલેની ૧૯૦મી જન્મ જયંતિની ઉવજણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે નિવૃત્ત સનદી અધિકારી તથા દલિત સાહિત્યકાર પ્રવિણ ગઢવી તથા ઓબીસી સમર્થન સમિતિના પ્રદેશ અધ્યક્ષ હરસુખ સોલંકી ઉપસ્થિત રહી મહાત્મા જયોતિબા ફુલેના જીવનસંદેશ પર વકતવ્ય રજૂ કરશે. આ કાર્યક્રમમાં બહુજન સમાજને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા મૂળ નિવાસી સંઘના સહ કન્વીનર વિષ્ણુજી ઠાકોર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## જુસિકાને ચક્ષુદાન

ગાંધીનગરના સેકટર-૭-બીમાં પ્લોટ નં. ૬૧૬/૨ નિવાસી ૫૪ વર્ષીય નરેન્દ્રભાઈ જયંતિલાલ રાણાનું આજ રોજ અવસાન થતા તેમના કુટુંબીજન કિરણભાઈની સંમતિથી જુનિયર સિટિઝન કાઉન્સિલને સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન પ્રાપ્ત થયું છે. આ ચક્ષુદાન પ્રાપ્ત કરવાની તબીબી સેવા ડૉ. સૌરભભાઈ દ્વારા જુસિકાના મેનેજર દિનેશ દવે તથા જાણીતા એડવોકેટ હિતેષ બી. રાવલના સહયોગથી પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ચક્ષુબેંકમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલીપભાઈ દંતાણી તથા રાજુભાઈ ટી. વાઘેલા દ્વારા પુરી પાડવામાં આવી હતી.

## આજે કોબા ખાતે મહાકાલી સંકલ્પ યાત્રા પૂર્ણાહુતી સમારોહ યોજાશે



ગાંધીનગર, તા.૧૦

વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા આયોજીત શ્રી અખિલ ગુજરાત મહાકાલી સંકલ્પ રથ યાત્રા પૂર્ણાહુતિ અને યજ્ઞ સમારોહનું આયોજન તા.૧૧ એપ્રિલને મંગળવારના રોજ સવારે ૧૧.૧૫ થી ૪.૩૦ કલાક સુધી કે રાહેજા રોડ, રાધે બંગ્લોઝની સામે કોબા ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સમગ્ર ગુજરાતમાંથી મોટીસંખ્યામાં દેવીપુજક સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહેશે.

આ અંગે માહિતી આપતા વિરાટ દેવીપુજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું હતું કે સમાજમાં શિક્ષણ, વ્યસન મુકિત, હકક અધિકાર અને જન જાગૃતિ માટે આ સંકલ્પ યાત્રા મહાકાળી માતાજીના સ્થાનક પાવાગઢથી તા.૧૦ ફેબુઆરીએ પ્રસ્થાન થઈ હતી. અખિલ ગુજરાત મહાકાલી સંકલ્પ બે માસ સુધી સમગ્ર રાજયના દરેક શહેરો, જિલ્લા-તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારમાં ફરીને સમાજના ભાઈ બહેનોને સમાજના ઉધ્ધાર વિકાસ શિક્ષણ માટે જાગૃતિ અંગે સંકલ્પ લેવડાવ્યા હતા. વિરાટ દેવીપુજક સંઘ દ્વારા સમાજના ભાઈ બહેનો માટે સરકાર પાસે ઓબીસીના ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા અનામત એસટી સુવિધાવાળુ તેમજ અન્ય પડતર પ્રશ્નોનું ઝડપી નિરાકરણ માટે માંગ કરી છે. ત્યારે અખિલ ગુજરાત મહાકાલી સંકલ્પ રથયાત્રા જે ૧૦ ફેબુઆરી થી ૧૧ એપ્રિલ ૨૦૧૭ સુધી સમગ્ર ગુજરાતમાંથી ફરી છે. જયારે આ સંકલ્પ યાત્રા પૂર્ણાહુતી સમારોહ તા.૧૧ ને મંગળવારના રોજ કે રાહેજા રોડ કોબા ગાંધીનગર ખાતે યોજાશે. આ સમારોહમાં સમગ્ર ગુજરાતમાંથી હજ્જારોની સંખ્યામાં દેવીપુજક સમાજના ભાઈ બહેનો હાજર રહેશે.

## સાહિત્ય અને જીવન પર ડૉ. આંબેડકરનો પ્રભાવ વિષયે વિચારગોષ્ઠિનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સમાજમિત્ર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતિ નિમિત્તે 'સાહિત્ય અને જીવન પર ડૉ. આંબેડકર પ્રભાવ' વિષયક સાહિત્ય વિચાર ગોષ્ઠિનું આયોજન તા. ૧૩મી એપ્રિલ, ૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારના ૧૦ કલાકે ડૉ. આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ વિચાર ગોષ્ઠિ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાના વરદ હસ્તે ખુલ્લો મુકવામાં આવશે. તેમજ સેવા સંસ્થા 'લક્ષ્ય' ના અધ્યક્ષ એમ.બી. પરમાર અને જાણીતા સર્જક, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રવિણ ગઢવી ખાસ ઉપસ્થિત રહેશે.

આ વિચારગોષ્ઠિના દ્વિતિય સત્રમાં ગુજરાત દલિત સાહિત્ય અકાદમીના મેનેજિંગ ટ્રસ્ટી હરીશ મંગલમ્‌ના અધ્યક્ષસ્થાને જાણીતા દલિત સાહિત્ય સમીક્ષક ડૉ. નાથાલાલ ગોહિલ વકતવ્ય આપશે. દલિત કવિ અરવિંદ વેગડા કાવ્યપઠન કરશે. આ સાથે 'સમાજ મિત્ર'ના વિશેષાંક 'મારા જીવન અંધકારમાં આંબેડકર પ્રભા' અને 'ગાંધીનગર દલિત સાહિત્ય વિમર્શ મંચ'ના ઉપક્રમે તૈયાર થયેલા ગ્રંથ 'આંબેડકર વિચાર' ના લોકાર્પણ થશે. તેવું સમાજ મિત્રના તંત્રી શ્રીમતી રસિલાબેન પરમારે જણાવ્યું છે.

## @ગાંધીનગર

● રાયસણ વેરાઈ માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત સવારે ૧૦ કલાકે શોભાયાત્રા નીકળશે.

● સેકટર-૧૩ લીંબચ ધામ ખાતે સાંજે ૭ કલાકે મહાઆરતી યોજાશે.

● ભરતભાઈ મોદીના સૌજન્યથી સુંદરકાંડના પાઠ કનૈયાલાલ મહારાજ દ્વારા હરીપાર્ક સોસાયટી, નવરાત્રી ચોક, સે-૨-ડી ખાતે રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન યોજાશે.

● ડભોડા હનુમાનદાદાની જન્મજયંતિ નિમિત્તે સવારે ૮.૩૦ કલાકથી ૧૧૧૧ તેલના ડબ્ભાનો અભિષેક યોજાશે. તેમજ દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે.

● હનુમાન મંદિર ઝુંડાલ ખાતે સવારે અન્નકુટ તેમજ સાંજે ૫.૩૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે.

● ગોરા હનુમાન મંદિર, કોલવડા-સોનીપુર રોડ ખાતે હનુમાન જયંતિ મહોત્સવ અંતર્ગત બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદ તથા વિવિધ કાર્યક્રમો યોજાશે.

● રામજી મંદિર ધણપ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.

● હનુમાન જયંતિ નિમિત્તે સુંદરધામ રાંધેજા ખાતે સવારે ૮ કલાકે, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ કુડાસણ ખાતે રાત્રે ૫.૩૦ કલાકે તેમજ રાત્રે ૯ કલાકે મંગલમુર્તિ રેસ્ટોરન્ટ તપોવન સર્કલ પાસે સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

## દારૂ ઢીંચીને રસ્તા વચ્ચે લથડીયા ખાતા એ.એસ.આઈ. ઝડપાયા

**હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા એએસઆઈને નાઈટ પેટ્રોલીંગમાં નીકળેલી એલસીબીની ટીમે પકડયા : ગાંધીનગર એસ.પી.એ. એએસઆઈને સસ્પેન્ડ કર્યા**

ગાંધીનગર, તા.૧૦

શહેરથી કોબા તરફ જતા રસ્તામાં આવતા રાયસણ પેટ્રોલ પંપ નજીકથી નાઈટ પેટ્રોલીંગમાં નીકળેલી ગાંધીનગર એલસીબીની ટીમે રસ્તા વચ્ચે દારૂ ઢીંચીને લથડીયા ખાતા એક શખ્સને દબોચી લીધો હતો. પકડયા પછી ખબર પડી તો ગાંધીનગર પોલીસ હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા એએસઆઈ હતા. એલસીબીએ તેની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલીસને સોંપતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે દારૂ પીધેલા પકડાયેલા એએસઆઈને સસ્પેન્ડ કરી દીધા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબીની ટીમ ગઈ રાત્રે પેટ્રોલીંગમાં હતી ત્યારે રાયસણ પેટ્રોલપંપથી રાયસણ ગામ તરફ જતા માર્ગ પર વચ્ચે લથડીયા ખાતો એક શખ્સ દેખાયો હતો. એલસીબીએ તેને પકડી તપાસ કરતાં દારૂ પીધેલી હાલતમાં જણાયો હતો. રાયસણમાં રહેતા વિનોદભાઈ શંકરભાઈ ચૌધરી નામની આ નશામાં ધુત હાલતમાં મળેલી વ્યકિત અંગે તપાસ કરતાં પોતે ગાંધીનગર પોલીસ હેડ કવાર્ટર ખાતે એએસઆઈ તરીકે ફરજ બજાવતા હોવાનું ખુલ્યું હતું. ઈન્ફોસીટી પોલીસે એએસઆઈ સામે પ્રોહીબીશનનો ગુનો દાખલ કરી પી.આઈ. કે.એમ. પ્રિયદર્શીએ વધુ તપાસ શરુ કરી છે. આ એએસઆઈને ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે સસ્પેન્ડ કરવાનો હુકમ જારી કરતા દારૂ પીવાના શોખીન પોલીસ કર્મીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

## વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે 'ઓપન હાઉસ'નું આયોજન



ગાંધીનગર, તા.૧૦

વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે રાજય સ્તરની 'ઓપન-હાઉસ' ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટમાં રાજયભરમાંથી ૧૫થી વધુ સરકારી ઈજનેરી કોલેજો ભાગ લઈ રહી છે. ઓપન હાઉસ તા. ૧૨ અને ૧૩ એપ્રિલ દરમિયાન યોજાશે. જેમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર ઉપસ્થિત રહેશે.

ઓપન હાઉસમાં રાજયભરની કોલેજમાંથી એન્જિનીયરીંગની દરેક શાખાઓ જેવી કે મિકેનીકલ, ઈલેકટ્રીકલ, ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનિકેશન, સિવલિ, કેમિકલ, પાવર ઈલેકટ્રોનિકસ, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ, કોમ્પ્યુટર આઈટી વગેરેમાંથી ૩૦૦થી વધુ પ્રોજેકટસની નોંધણી થઈ ચુકી છે. ઓપન હાઉસના પ્રથમ દિવસે નિષ્ણાંતો દ્વારા દરેક શાખાઓમાંથી ઉત્તમ ૫ થી ૧૦ પ્રોજેકટસની પસંદગી કરવામાં આવશે અને તેમાંથી બીજા દિવસે પસંદ કરાયેલા પ્રોજેકટસનું યોગ્ય નિરીક્ષણ કર્યા બાદ શ્રેષ્ઠ ૩ પ્રોજેકટસને સન્માનિત કરાશે.

## બાળ ભિક્ષાવૃત્તિ નાબુદી અંતર્ગત તાલુકા વાઈઝ ટીમ દ્વારા મુકત કરાવાશે

ગાંધીનગર, તા.૧૦

જુવેનાઈલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન એકટ ૨૦૧૫ હેઠળ બાળ ભિક્ષાવૃત્તિ કરતા બાળકોને 'કાળજી અને રક્ષણ'ની જરૂરિયાતવાળા બાળકો તરીકે વ્યાખ્યાતિત કરેલ છે. સદર બાળ ભિક્ષાવૃત્તિ કરતા બાળકોને મુકત કરાવવાના હેતુસર 'બાળ ભિક્ષાવૃત્તિ નાબુદી' અંતર્ગત તા. ૨૮મી માર્ચ ૨૦૧૭થી તા. ૧લી એપ્રિલ ૨૦૧૭ દરમિયાન જિલ્લા બાળ સુરક્ષા એકમ ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં નિયુકત થયેલ ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ અધિકારીઓ તથા ચાઈલ્ડ લાઈન સંસ્થાના અધિકારીની તથા કર્મચારીઓની તાલુકા વાઈઝ ટીમ બનાવી ગાંધીનગર જિલ્લાના કલોલ, દહેગામ, માણસા, ગાંધીનગર તાલુકાઓના ધાર્મિક સ્થળો, રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, બગીચાઓ, ખાણી-પીણી બજાર વગેરે જવા જાહેર સ્થળોએ રાઉન્ડ અપ કરીને સ્કીટર કેમ્પેઈન દ્વારા બાળ ભિક્ષાવૃત્તિ નાબુદી કરાવવા બદલ શિક્ષાત્મક જોગવાઈઓની જનજાગૃતિ ફેલાવવામાં આવી છે. સદર બાળ ભિક્ષાવૃત્તિ નાબુદીના રાઉન્ડઅપમાં ભિક્ષાવૃત્તિ કરતા બાળકને મુકત કરાવી બાળ સંભાળ ગૃહમાં પુનઃસ્થાપન કરવામાં આવે છે તેવું બાળ સુરક્ષા એકમના અધિકારીશ્રી વિજયભાઈ પરમારે જણાવ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**શ્રદ્ધા ડી પટેલ**

**ગાંધીનગર ગમે**
ગ્રીન સિટી, ક્લિન સિટી હોવા ઉપરાંત લીલાંછમ શાકભાજી ખેતરમાંથી સીધેસીધાં આવીને અહીં મળતાં હોવાથી આ શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**
સંવેદનશીલ અને સેવાભાવી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
નગરની સેવા પ્રવૃત્તિઓ ગમે છે. પોતાના સમય અને નાણાંનો ભોગ આપીને બીજાને મદદ કરનારા સૌ નગરસેવકોને સલામ છે અને સલામ છે એમની આ સેવાભાવનાને.

**નગરને બહેતર બનાવવા**
સેવાકાર્યો અને સેવા સંસ્થાઓ સંકલિત બને તે બાબત જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**
જન સામાન્યનાં સેવાકાર્યો માટે હું મારું પૂર્ણ યોગદાન આપવા તત્પર છું.

## આજે ઈસનપુર મોટા હનુમાનજી મંદિરે ભવ્ય મહોત્સવનું આયોજન

ચિલોડા, તા.૧૦

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ખાતે આવેલ શ્રી હનુમાન દાદાના મંદિરે તા.૧૧મી એપ્રિલ ચૈત્ર સુદ પુનમે હનુમાન જયંતિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં સવારે ૯ કલાકે મારુતિ મહાયજ્ઞ યોજાશે. આ યજ્ઞમાં ૪ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. આ ઉપરાંત સાંજે ૫ કલાકે મહાપ્રસાદનું શેઠ ભીખાભાઈ હાઈસ્કુલમાં આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત હનુમાન જયંતિ નિમિત્તે રાત્રે ૮ કલાકે મહાઆરતી મયુર આરતી નૃત્ય સહિત રાત્રે જન્મ મહોત્સવ નિમિત્તે મધુર કેક કાપીને જન્મદિવસની ભેટ અર્પણ કરવામાં આવશે. આ મહોત્સવમાં રાત્રે ૮.૩૦ કલાકે લોકગાયિકા સુલોચબનાબેન જોષી, ભજનીક ઘનશ્યામ કવિ તથા સાહિત્યકારી હાસ્ય કલાકાર કાળીદાસ નાયીના સુમધુર કંઠે લોકડાયરાનો ભવ્ય કાર્યક્રમ યોજાશે.

## ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ઈ-લર્નીંગ મારફતે ફોરેન્સિક એકાઉન્ટીંગ કોર્સ

ગાંધીનગર, તા. ૧૦

દેશમાં સૌપ્રથમવાર ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે ઈ-લર્નીંગ મારફતે ફોરેન્સિક એકાઉન્ટીંગ કોર્સની શરૂઆત તા. ૧૧-૪-૧૭ના રોજ કરવામાં આવનાર છે. આ કોર્ષ મુંબઈ ખાતેના સી.ડી.આઈ.એમ.એસ. સંસ્થાના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવશે. આ કોર્સનું લોન્ચીંગ ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસના વરદહસ્તે ગુજરાત ફોરેન્સિક સાયન્સીક યુનિવર્સિટીના ઓડીટોરીયમમાં તા. ૧૧-૪-૨૦૧૭ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે કરવામાં આવનાર છે.

ઓડીટીંગ, બેન્કીંગ, ઈન્સ્યોરન્સ તેમજ ફાઈનાન્શીયલ કંપનીઓ/ સંસ્થાઓમાં કામ કરતા પ્રોફેશનલ આ ફોરેન્સિક એકાઉન્ટીંગ કોર્સમાં પ્રવેશ લઈ શકશે. તદ્ઉપરાંત, એકાઉન્ટીંગ અને ઓડીટીંગ ક્ષેત્રમાં બે વર્ષનો અનુભવ ધરાવતા સ્નાતક વિદ્યાર્થીઓ પણ આ કોર્સમાં પ્રવેશ મેળવી શકશે. આ કોર્સમાં એકાઉન્ટીંગ અને ઓડીટીંગને લગતા કુલ ૨૫ મોડયુલ્સ થીયોરીટીકલ અને પ્રેકટીકલ સાથે ભણાવવામાં આવશે. આ કોર્સનો સમયગાળો છ માસનો છે અને જેની ફી ફક્ત રૂ. ૫ હજાર રાખેલ છે.

આ કોર્સમાં જોડાવાથી પ્રશિક્ષણાર્થીઓને ફોરેન્સિક એકાઉન્ટીંગના વિવિધ પાસાઓનો વિગતવાર અને ઊંડાણપૂર્વક જ્ઞાન આપવામાં આવશે. હાલમાં વિવિધ ફાઈનાન્શીયલ કંપનીઓ/ સંસ્થાઓમાં વ્યાપક પ્રમાણમાં કૌભાંડો થયેલ છે. જેનું ફોરેન્સિક ઓડીટીંગ જરૂરી બનેલ છે. આ માટે આવા તાલીમ પામેલા ફોરેન્સિક ઓડીટીંગ નિષ્ણાંતોની દેશમાં તાતી જરૂરીયાત છે. જેને પહોંચી વળવા આ કોર્સ મહદઅંશે ઉપયોગી નીવડશે. ઈચ્છુક ઉમેદવારો ઉપરોક્ત કોર્સમાં તા. ૧૧-૪-૧૭થી અરજી કરી શકશે. વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.gfsu.edu.in પર ઉપલબ્ધ છે.

## ગાંધીનગરમાં સીઆરપીએફ ખાતે 'શૌર્ય દિવસ' ઉજવાયો



ગાંધીનગર, તા.૧૦

કેન્દ્રિય રિઝર્વ પોલીસ ફોર્સ દ્વારા તા. ૯મી એપ્રિલે ગાંધીનગર હેડ કવાર્ટર ખાતે શૌર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રેન્જ ગાંધીનગરના ડીઆઈજી સુનીલકુમાર પાર્થના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું. આ દિવસે કચ્છના રણમાં સરદાર પોસ્ટ ખાતે ગ્રુપ કેન્દ્ર ડીઆઈજી રાકેશ ધાકવૉલના હસ્તે ધ્વજવંદન ઉપરાંત સાહસિક જવાનોને વીરતા પદક અને શહીદવીરોની વિધવાઓને સ્મૃતિ ચંદ્રક તથા ભેટ અર્પણ કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતેના સીઆરપીએફ હેડ કવાર્ટરમાં યોજાયેલ શૌર્ય દિવસ ઉજવણી સમારોહમાં સીઆરપીએફના ઉપ મહાનિરીક્ષક -ચિકિત્સા ડૉ. બી.કે. મહેતા, ૧૩૫ મહિલા બટાલિયન કમાન્ડર ઈન્દ્રાણી યાદવ સહિત તમામ અધિકારીઓ અને રેન્ક જવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિશેષ સૈનિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં સીઆરપીએફના જવાનની વીરતાના કિસ્સાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૬૫માં તા. ૯મી એપ્રિલે પાકિસ્તાની સેનાએ પશ્ચિમ પાકિસ્તાન સરહદે ભારત શાસિત પ્રદેશ પર દાવો કરવા ઓપરેશન 'ડેઝર્ટ હૉક' હાથ ધર્યુ હતું. આ સમયે સીઆરપીએફની બીજી ટુકડી કચ્છના રણમાં સરદાર પોસ્ટ અને ટક પોસ્ટ પર તૈનાત હતી. પાકિસ્તાની સેનાની ઈન્ફેન્ટ્રિ બ્રિગેડે સીઆરપીએફની ચોકીઓ પર હુમલો કર્યો હતો જેના જવાબમાં સીઆરપીએફના જવાનો બહાદુરીથી લડયા હતા અને ૩૪ પાકિસ્તાની સૈનિકોનો ખાત્મો બોલાવ્યો હતો. આ લડાઈમાં સીઆરપીએફના ૬ જવાનો શહીદ થયા હતા પરંતુ પાકિસ્તાની દળોને પીછેહઠ કરવાની ફરજ પડી હતી. આ વિજયને સીઆરપીએફ દ્વારા 'શૌર્ય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. રમેશજી ખોડાજી મકવાણા, ઉ.વ. ૩૦
- સ્વ. અંબાલાલ રણછોડભાઈ ઠાકોર, ઉ.વ. ૫૦